# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૧૫૮૫-૪ તારીખ : 03 - 03 - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
કીશીવ પોલીપેક એલ એલ પી
પ્લોટ નં.૧, સર્વે નં. ૨૪૩, એન એચ ૮-A, શિવશક્તિ સિમેન્ટ પાઈપની સામે,
મું. પો. : નવા સાદુળકા, તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૧
મોબાઈલ : ૯૫૧૦૨૦૨૫૦૯

**વિષય :** વીજ પુરવઠો મળવામાં સતત વીજ વિક્ષેપ થવા બાબત.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૦૪-૦૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૮/ક્વા-૪/૨૧-૨૨/૧૫૧૯૫-૪ તા.૦૩/૦૩/૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૦૮/ક્વા-૪/૨૧-૨૨**

**અરજદાર** : ક્રીશીવ પોલીપેક એલ. એલ. પી. ગામ: નવા સાદુળકા

**રજૂઆત કરનાર** : ગેરહાજર

## :: વિરુધ્ધ ::

**સામાવાળા** : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી -મોરબી

**રજૂઆત કરનાર** : ગેરહાજર

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | -શ્રી આર.જી.ગોવાણી |
| ૩)સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

**તારીખ:** ૨૨-૦૨-૨૦૨૨ (મંગળવાર)

૧.૦ અરજદાર ક્રીશીવ પોલીપેક એલ.એલ.પી. ગ્રાહક નં - ૩૩૯૩૫ HTP-1 ટેરીફથી 300 KVA નું વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં વારંવાર વીજવિક્ષેપ આવતા હોય અરજદાર દ્વારા પી.જી.વી.સી.એલ.ની સંલગ્ન કચેરીમાં રજૂઆત કરેલ છે પરંતુ ફરિયાદનું નિરાકરણ આવેલ ન હોય, અરજદાર દ્વારા નામદાર જીઈઆરસીમાં ઈ-મેઈલ દ્વારા તા.૨૨-૦૧-૨૨૨ થી જાણ કરેલ છે જે ફરિયાદ નામદાર જીઈઆરસી કચેરી દ્વારા તા.૦૪-૦૨-૨૦૨૨ થી અત્રેના ફોરમને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલાવેલ. જેની નોંધણી અત્રેના ફોરમ દ્વારા તા.૦૫-૦૨-૨૦૨૨ થી કરાયેલ છે. સદર કેસની સુનાવણી તા.૨૨-૦૨-૨૦૨૨ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ફરિયાદી અરજદાર અને સામેવાળા પક્ષકાર ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ક્રીશીવ પોલીપેક એલ.એલ.પી. ગ્રાહક નં - ૩૩૯૩૫ HTP-1 ટેરીફથી 300 KVA નું વીજજોડાણ ૧૧ કેવી હરીપર જે.જી.વાય ફીડરમાં ધરાવે છે. સદર વીજજોડાણમાં વારંવાર વીજવિક્ષેપ આવતા હોય અરજદાર

દ્વારા પી.જી.વી.સી.એલ.ની કચેરીમાં તા.૧૦.૧૧.૨૦૨૦, તા.૧૧-૧૨-૨૦૨૦, તા.૨૬-૦૧-૨૦૨૧, તા.૧૨-૦૨-૨૦૨૧, તા.૧૮-૦૪-૨૦૨૧, તા.૧૯-૦૭-૨૦૨૧, તા.૩૧-૦૭-૨૦૨૧, તા.૨૨-૦૧-૨૦૨૨ થી વીજવિક્ષેપની ફરિયાદ કરાયેલ હતી જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૦૭.૧૨.૨૦૨૦, તા.૨૨.૧૨.૨૦૨૦ થી પ્રત્યુતર મળેલ તે મુજબ ૧૧ કેવી હરીપર જે.જી.વાય ફીડરમાં શક્ય એટલી વહેલી તકે વીજવિક્ષેપનો પ્રશ્ન હલ કરવામાં આવશે. અરજદાર દ્વારા કરાયેલ રજુઆત મુજબ વીજવિક્ષેપોની વિગત નીચે પ્રમાણે છે.

Details of power interruption [illegible]

| Sr. No. | Date | Time | Duration |
|---|---|---|---|
| | 04.01.2021 to 26.01.2021 | | |
| 1 | 04-01-21 | 12:26 To 12:36 | 10 Min |
| 2 | 05-01-21 | 14:09 To 14:17 | 08 Min |
| 3 | 05-01-21 | 10:04 To 10:19 | 15 Min |
| 4 | 06-01-21 | 13:33 To 13:42 | 09 Min |
| 5 | 06-01-21 | 08:54 To 08:56 | 02 Min |
| 6 | 07-01-21 | 10:50 To 10:57 | 07 Min |
| 7 | 08-01-21 | 14:25 To 14:37 | 12 Min |
| 8 | 10-01-21 | 17:00 To 17:10 | 10 Min |
| 9 | 10-01-21 | 09:39 To 09:45 | 06 Min |
| 10 | 12-01-21 | 11:47 To 12:02 | 15 Min |
| 11 | 13-01-21 | 17:50 To 17:56 | 06 Min |
| 12 | 13-01-21 | 15:05 To 15:15 | 10 Min |
| 13 | 13-01-21 | 13:34 To 13:50 | 16 Min |
| 14 | 16-01-21 | 14:55 To 15:01 | 06 Min |
| 15 | 17-01-21 | 10:40 To 10:45 | 05 Min |
| 16 | 18-01-21 | 12:04 To 12:10 | 06 Min |
| 17 | 19-01-21 | 07:20 To 07:33 | 13 Min |
| 18 | 20-01-21 | 11:44 To 11:51 | 07 Min |
| 19 | 21-01-21 | 15:30 To 16:36 | 1 HR 06 Min |
| 20 | 23-01-21 | 17:50 To 17:56 | 06 Min |
| 21 | 24-01-21 | 06:50 To 08:10 | 1 HR 20 Min |
| 22 | 25-01-21 | 08:00 To 08:10 | 10 Min |
| 23 | 25-01-21 | 13:44 To 14:56 | 25 Min |
| 24 | 26-01-21 | 09:45 To 10:00 | 15 Min |
| 25 | 26-01-21 | 10:05 To 10:10 | 05 Min |
| 26 | 26-01-21 | 13.05 To 13:08 | 03 Min |

| Sr. No. | Date | Time | Duration |
|---|---|---|---|
| | 03.02.2021 to 09.02.2021 | | |
| 1 | 03-02-21 | 07:15 To 07:21 | 6 Min |
| 2 | 03-02-21 | 16:28 To 16:30 | 2 Min |
| 3 | 05-02-21 | 18:00 To 18:09 | 9 Min |
| 4 | 05-02-21 | 02:03 To 02:06 | 3 Min |
| 5 | 06-02-21 | 13:45 To 13:50 | 5 Min |
| 6 | 07-02-21 | 09:45 To 09:55 | 10 Min |
| 7 | 07-02-21 | 20:55 To 00:50 | 3 HR 55 Min |
| 8 | 07-02-21 | 00:55 To 02:15 | 1 HR 20 Min |
| 9 | 09-02-21 | 12:50 To 12:56 | 6 Min |
| 10 | 09-02-21 | 18:28 To 18:30 | 2 Min |
| 11 | 10-02-21 | 11:00 To 11:05 | 5 Min |
| 12 | 11-02-21 | 00:50 To 03:15 | 2 HR 25 Min |
| | 02.07.2021 to 19.07.2021 | | |
| 1 | 02-07-21 | 1:37 TO 1:15 | 14 Min |
| 2 | 04-07-21 | 11:32 TO 11:50 | 18 Min |
| 3 | 05-07-21 | 1:48 TO 2:31 | 43 Min |
| 4 | 06-07-21 | 4:42 TO 4:57 | 15 MIN |
| 5 | 06-07-21 | 7:30 TO 8:00 | 30 Min |
| 6 | 09-07-21 | 12:17 TO 12:25 | 8 Min |
| 7 | 09-07-21 | 8:22 TO 8:50 | 28 Min |
| 8 | 09-07-21 | 2:54 TO 2:56 | 2 Min |
| 9 | 10-07-21 | 10:02 TO 10:05 | 03 Min |
| 10 | 10-07-21 | 10:49 TO 10:51 | 02 Min |
| 11 | 10-07-21 | 8:12 TO 8:26 | 14 Min |
| 12 | 10-07-21 | 9:05 TO 9:07 | 02 Min |
| 13 | 10-07-21 | 12:38 TO 12:40 | 02 Min |
| 14 | 10-07-21 | 3:13 TO 3:30 | 17 Min |
| 15 | 11-07-21 | 6:9 TO 6:15 | 06 Min |

| Sr. No. | Date | Time | Duration |
|---|---|---|---|
| 16 | 11-07-21 | 7:57 TO 7:59 | 2 Min |
| 17 | 12-07-21 | 9:20 TO 9:34 | 14 Min |
| 18 | 13-07-21 | 4:00 TO 8:00 | 240 Min |
| 19 | 15-07-21 | 12:55 TO 12:59 | 4 Min |
| 20 | 16-07-21 | 7:55 TO 8:00 | 5 Min |
| 21 | 17-07-21 | 8:00 TO 9:00 | 60 Min |
| 22 | 18-07-21 | 12:20 TO 12:25 | 5 Min |
| 23 | 18-07-21 | 5:13 TO 5:14 | 1 Min |
| 24 | 19-07-21 | 12:08PM | POWER SUPPLY OVER LOADED |
| 25 | 19-07-21 | 2:45 TO 3:52 | 1 HR : 60 Min |
| | 07.01.2022 to 22.01.2022 | | |
| 1 | 07-01-22 | 12:06 TO 12:15 | 9 Min |
| 2 | 07-01-22 | 06:48 TO 06:51 | 3 Min |
| 3 | 08-01-22 | 04:43 TO 04:45 | 2 Min |
| 4 | 09-01-22 | 01:04 TO 01:10 | 6 Min |
| 5 | 09-01-22 | 03:36 TO 03:39 | 3 Min |
| 6 | 10-01-22 | 12:50 TO 01:05 | 15 Min |
| 7 | 11-01-22 | 01:11 TO 02:16 | 1 Hr 5 Min |
| 8 | 11-01-22 | 09:13 TO 09:20 | 7 Min |
| 9 | 15-01-22 | 06:09 TO 06:11 | 2 Min |
| 10 | 16-01-22 | 04:25 TO 04:30 | 5 Min |
| 11 | 18-01-22 | 02:03 TO 02:12 | 9 Min |
| 12 | 20-01-22 | 06:20 TO 06:26 | 6 Min |
| 13 | 20-01-22 | 08:27 TO 08:41 | 14 Min |
| 14 | 21-01-22 | 04:16 TO 04:21 | 5 Min |
| 15 | 21-01-22 | 04:28 TO 04:32 | 2 Min |
| 16 | 21-01-22 | 04:35 TO 05:55 | 1 Hr 20 Min |
| 17 | 22-01-22 | 10:05 To 10:12 | 7 Min |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ, અરજદાર દ્વારા વારંવાર થતા વીજવિક્ષેપના નિવારણ માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૨.૧ અરજદાર ક્રીશીવ પોલીપેક એલ.એલ.પી. દ્વારા તેઓના લેટર હેડ પર તા.૧૭.૦૨.૨૦૨૨ થી પી.જી.વી.સી.એલ. ની વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેરશ્રી ને નીચે મુજબની લેખિત રજૂઆત આપેલ છે. સદર રજૂઆત મુજબ પીજીવીસીએલની મોરબી ગ્રામ્ય કચેરી દ્વારા અરજદારના સદર વીજજોડાણને

વીજપુરવઠો પૂરો પાડતા 11 KV હરીપર ફીડરનું જરૂરી સમારકામ હાથ ધરાયું છે અને છેલ્લા ૨૫ દિવસથીતેઓના યુનિટને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે છે તેમજ ભવિષ્યમાં યુનિટની નજીકમાં નવું સ્ટેશન મંજૂર થાય તોતેઓને વધુ સારી રીતે પુરવઠો મળી રહે તે માટેની નમ્ર અરજ કરેલ છે હાલમાં અરજદારને વીજવિક્ષેપ અંગેનો કોઈ પ્રશ્ન રહેતો ન હોય ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમમાં કરેલ ફરિયાદ અરજદાર દ્વારા પરત લેવામાં આવેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૭-૦૨-૨૦૨૨ થી કરેલ લેખિત રજૂઆત મુજબ અરજદાર મે. શ્રીશીવ પોલીપેક એલ.એલ.પી.નું વીજજોડાણ ૬૬ કેવી ભરતનગર સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કેવી હરીપર જે.જી.વાય. ફીડર હેઠળ આવેલ છે. સદર ફીડરની વીજલાઈન ઇન્ડસ્ટ્રીયલ ફીડર અને ખેતીવાડી ફીડરની વીજલાઈન પાસેથી પસાર થતી હોય, તેમજ બર્ડ ફોલ્ટને કારણે ફીડરમાં ફોલ્ટ આવતો હોય છે તેમજ સલામતીના કારણોસર બાજુના ફીડરમાં કામગીરી કરવાની થતી હોય, સદર ફીડર બંધ કરવું પડે છે. તેમજ સદર વિસ્તાર નેશનલ હાઈવે નં – ૮ -એ ની આસપાસ ઔદ્યોગિક હેતુ માટે વિસ્તરતો હોય, નવી વીજલાઈન પાવર સપ્લાય પૂરો પાડવા માટે ઉભી કરવામાં આવતી હોય સદર કારણોસર પણ કામગીરી કરવા માટે વીજલાઈન બંધ કરવાની પરમીશન લેવી પડતી હોય છે. વધુમાં સદર વિસ્તાર ઉદ્યોગોના કારણે અકસ્માતે વાહનો દ્વારા વીજપોલ તૂટી જવાની ફરિયાદ અન્વયે વીજ મરામતની કામગીરી અર્થે પાવર સપ્લાય બંધ કરવામાં આવતો હોય છે. સદર તમામ સંજોગોમાં શક્ય તેટલા ઓછા સમયમાં તાત્કાલિક ધોરણે વીજપુરવઠો પુન:સ્થાપિત કરવાની કામગીરી કરવામાં આવે છે. સદર ફીડરમાં માહે જાન્યુઆરી-૨૦૨૧ થી માહે ડિસેમ્બર-૨૦૨૧ આવેલ વીજવિક્ષેપની સંખ્યા નીચે મુજબ નોંધાયેલ છે.

| MONTH | TT | PF | PF TIME | LC | LC TIME | SS OUTAGE | OUTAGE TIME |
|---|---|---|---|---|---|---|---|
| Jan-21 | 23 | 2 | 01:00 | 5 | 02:35 | 0 | |
| Feb-21 | 17 | 4 | 02:00 | 7 | 07:35 | 0 | |
| Mar-21 | 13 | 1 | 00:20 | 6 | 23:25 | 0 | |
| Apr-21 | 17 | 1 | 00:30 | 7 | 04:05 | 0 | |
| May-21 | 8 | 0 | 00:00 | 3 | 02:45 | 0 | |
| Jun-21 | 2 | 0 | 00:00 | 11 | 18:10 | 0 | |
| Jul-21 | 9 | 3 | 01:05 | 12 | 18:50 | 1 | 06:00 |
| Aug-21 | 6 | 0 | 00:00 | 7 | 18:25 | 0 | |
| Sep-21 | 13 | 6 | 03:25 | 9 | 21:00 | 0 | |
| Oct-21 | 11 | 0 | 00:00 | 7 | 08:50 | 0 | 00:00 |
| Nov-21 | 17 | 2 | 00:40 | 2 | 01:05 | 2 | 04:55 |
| Dec-21 | 8 | 0 | 00:00 | 3 | 05:05 | 0 | 00:00 |

3.૧ પી.જી.વી.સી.એલ.ની સબંધક પેટાવિભાગીય કચેરી દ્વારા હરિપર જે.જી.વાય ફીડરમાં વીજલાઇન સમારકામની કામગીરી તા.૨૬-૦૧-૨૦૨૨ અને તા.૦૨-૦૨-૨૦૨૨ ના રોજ હાથ ધરવામાં આવેલ જેમાં ૨૧ જુદા જુદા સ્થળોએ જમ્પરની કામગીરી અને ૪૩ સ્થળોએ વીજતારને નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપવાની તેમજ ૧૪ વીજલાઈનના સ્પાનને રીસ્ટ્રીંગીંગ કરેલ. વીજ સમારકામની કામગીરી કર્યા બાદ સદર હરીપર જે.જી.વાય ફીડરમાં તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૦૯-૦૨-૨૦૨૨ સુધીમાં નીચે મુજબ વીજવિક્ષેપ નોંધાયેલ છે.

| Sr.No. | Month / Date | TT | PF | PF Time | LC | LC Time | Remarks |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Jan-22 | 16 | 2 | 1:30 | 8 | 14:05 | |
| 2 | 02.02.22 | 0 | 0 | 0 | 1 | 09:35 | For Maintenance |
| 3 | 07.02.22 | 2 | 0 | 0 | 0 | 0 | Bird Fault |
| 4 | 09.02.22 | 0 | 0 | 0 | 2 | 0:30 | For section isolation and restoration |

સદર ફીડરમાં **વીજલાઈન**નું સમારકામ કર્યા બાદ, વીજ વિક્ષેપોની સંખ્યામાં ઘટાડો નોંધાયેલ હોય જે અંતર્ગત અરજદારને **તેઓ**ની ફરિયાદ બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ કામગીરીથી સંતોષ થયેલ હોય, અરજદારની સહીવાળું લેખિત સમાધાન પત્ર તા.૧૭-૦૨-૨૦૨૨ રજુ કરેલ છે.

૩.૨ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૨-૦૨-૨૦૨૨ ના ઈમેઈલ થી જણાવેલ છે કે આ વર્ષે નવું "૬૬ કેવી નવા સાદુરકા" સબસ્ટેશન આયોજન હેઠળ છે તેમજ તેનું કાર્ય પ્રગતિમાં છે. હાલ, સબસ્ટેશન માટેની જમીન અધિગ્રહણની કાર્યાવાહી GETCO દ્વારા ચાલુ છે, જે પૂર્ણ થયે ત્વરિત આગળની કાર્યાવાહી કરવામાં આવશે. સબસ્ટેશન થયા બાદ ઉપરોક્ત ગ્રાહકને નજીકના નવા ૧૧કેવી ફીડરમાંથી સાતત્યપૂર્ણ વિજ સપ્લાય પુરો પાડવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારે મુદ્દા નં ૨.૦ મુજબ ની વિગતે ફરિયાદ કરેલ છે જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૦ મુજબની વિગતેની અરજદારના સદર વીજજોડાણને વીજપુરવઠો પૂરો પાડતા **11kv** હરીપર ફીડરમાં ૦૪ ગામડાઓ અને એચ.ટી.લાઈન ૨૧.૩૨ કિ.મી. તેમજ એચ.ટી. ટેપિંગ -૧૦.૩૩ કિ.મી. અને એલ.ટી. લાઈન ૨૦ કિ.મી. આવેલ છે. તેમજ સદર ફીડરમાં આર.જી.પી.આર. કેટેગરીના ૧૩૯૨ જોડાણો - એન.આર.જી.પી.ના ૫૭૨ જોડાણો - એલ.ટી.એમ.ડી. ના ૩૪ જોડાણો, વોટર વર્કસના ૦૩ જોડાણો, એચ.ટી.- ૦૮ જોડાણો તેમજ ટેમ્પરરી જોડાણો -૧૧ આવેલા છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ મુજબ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા **11 KV** હરીપર જેજીવાય ફીડરનું જરૂરી વીજ સમારકામ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર ફીડરમાંથી અરજદારના વીજજોડાણને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે છે જે અન્વયે અરજદાર દ્વારા સમાધાન પત્ર તા.૧૭-૦૨-૨૦૨૨ થી આપેલ છે. જેમાં અરજદારે તેઓના વીજજોડાણની નજીકમાં ભવિષ્યમાં નવું સ્ટેશન મંજૂર થાય તો તેઓને વધુ સારી રીતે પુરવઠો મળી શકે જે અંગે જરૂરી કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને વિનંતી કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૨-૦૨-૨૦૨૨ ના ઈમેઈલથી અપાયેલ વિગત મુજબ **11 KV** હરીપર ફીડરના ગ્રાહકોને વધુ સારી રીતે પાવર સપ્લાય મળે તે માટે નવા સાદુરકા ૬૬ કેવી સબસ્ટેશન બનાવવા માટે હાલ જમીન અધિગ્રહણની કાર્યવાહી **GETCO** દ્વારા ચાલુ છે. જે પૂર્ણ થયે ત્વરિત આગળની કાર્યાવાહી કરવામાં આવશે. સબસ્ટેશન થયા બાદ ઉપરોક્ત ગ્રાહકને નજીકના નવા ૧૧કેવી ફીડરમાંથી સાતત્યપૂર્ણ વિજ સપ્લાય પુરો પાડવામાં આવશે.

૪.૩ આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ પી.જી.વી.સી.એલ. અને ફરિયાદી પક્ષકાર વચ્ચે સદર ફરિયાદનું નિરાકરણ થયેલ હોય સદર કેસમાં ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

| | | |
|---|---|---|
| Joshi.Nitinkumar. | | |
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |